# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આશુતોષ અંતાણી

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૧૫-૦૬-૨૦૨૪ શનિવાર                    સમય : સવારે ૬:૪૫ કલાકે

---

## રાજ્ય-રાજ્યપાલ પ્રાકૃતિક ખેતી:

રાજ્યમાં પાંચ-પાંચ ગામોના ક્લસ્ટર્સ બનાવીને રાજ્યનાતમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ અપાશે . પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષપદે ગઈકાલે રાજભવનમાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ ગઈ.

બેઠકમાં રાજ્યપાલે જણાવ્યુ કે , પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખેતી પદ્ધતિ કરતાં ઉત્પાદન ઓછું મળે છે એવી માન્યતા અને ધારણા તદ્દન ખોટી છે. વધુમાં તેમણે જણાવ્યુ કે , રાજ્યમાં તમામ ગામોમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિના પંચસ્તરીય મોડલ ફાર્મ તૈયાર કરાશે. આ માટે રાજ્ય સરકાર આર્થિક સહયોગ પણ આપશે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપતા ફાર્મર માસ્ટર ટ્રેનરને પણ રાજ્ય સરકાર આર્થિક પુરસ્કાર આપશે. ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓ પણ પ્રાકૃતિક ખેતીનું મોડેલ તૈયાર કરીને અન્ય ખેડૂતોને માર્ગદર્શન આપશે.

ગુજરાતની પાંજરાપોળ અને ગૌશાળાઓ દેશી ગાયના ગોબર-ગૌમૂત્રમાંથી જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરીને જરૂરિયાતમંદ ખેડૂતોને વાજબી દરે આપશે. આ માટે સુચારુ યોજના તૈયાર કરાઈ રહી છે તેમ રાજ્યપાલે જણાવ્યુ હતું.

- (RNU અમદાવાદ)

---

## સર્વોચ્ચ અદાલત-નીટ પરીક્ષા:

સર્વોચ્ચ અદાલતે NEET-UG પરીક્ષામાં કથિત રીતે પેપર ફૂટવું અને અન્ય ગેરરિતીઓ બાબતે સીબીઆઇ દ્વારા તપાસની માંગણી કરતી અરજીના આધારે કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી- NTA ને પ્રતિભાવ આપવા નિર્દેશ આપ્યો છે. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બેંચે આ કેસમાં સીબીઆઇ અને બિહાર સરકારને પણ બે સપ્તાહમાં પ્રતિભાવ આપવાનો નિર્દેશ આપ્યો છે.

અદાલતે જાહેરહિતની અરજી અને અન્ય પડતર અરજીઓની સુનાવણી આગામી આઠમી જુલાઇએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. દરમિયાન , NTA દ્વારા NEET-UG પરીક્ષાને લગતી

અને વિવિધ વડી અદાલતોમાં દાખલ કરાયેલી અરજીઓને સર્વોચ્ચ અદાલતમાં ટ્રાન્સફર કરવા વિનંતી કરતી કરાયેલી અરજીના આધારે ખાનગી પક્ષકારોને નોટિસ જારી કરી છે.

દરમિયાન, કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું છે કે , કેન્દ્ર સરકાર નીટ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવા પ્રતિબધ્ધ છે.

દરમિયાન, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ નીટ પરીક્ષા વિવાદ અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી છે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ-ભુજસ્મૃતીવન મ્યુઝીયમને એવોર્ડ:

UNESCO ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ ગુજરાત અને સમગ્ર દેશ માટે આ ઘડી ને ઐતિહાસિક ગણાવી અભિનંદન પાઠવ્યા છે.

ભારતના કોઈ મ્યુઝિયમને પહેલીવાર આ પ્રકારે સ્થાનિક સંસ્કૃતિ અને પ્રકૃતિ સંરક્ષણની અભિવ્યક્તિ માટે વૈશ્વિક માન્યતા પ્રાપ્ત થઈ છે, તે ગુજરાત માટે ગર્વની વાત છે તેવું મુખ્યમંત્રી એ જણાવ્યું હતું.

2001 ના વિનાશક ભૂંકપનો ભોગ બનનાર લોકોની સ્મૃતિમાં અને કચ્છની ખુમારીને વંદન રૂપે મ્યુઝિયમ બનાવવામાં આવે તેવું ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું વિઝન હતું. જે અનુસાર , ભુજમાં સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભૂજિયા ડુંગર પર હજારો વૃક્ષોની હરિયાળી વચ્ચે નિર્મિત આ મ્યુઝિયમની ડિઝાઈન અદ્દભુત છે. આ મ્યુઝિયમ પડકારોને હિંમતભેર ઝીલીને તેમાંથી નવસર્જન કરવાની ગાથા છે.. 22 માસના ગાળામાં આ મ્યુઝિયમની સાડા નવ લાખથી વધુ પ્રવાસીઓ મુલાકાત લઇ ચુક્યા છે.

- (હેમાંગ પટ્ટણી)

---

## ઇપીએફઓ-બેઠક:

કેન્દ્રીય કર્મચારી ભવિષ્ય નિધી સંસ્થા- EPFO એ દાવાઓના ઝડપી નિકાલના ભાગરૂપે બીમારી, શિક્ષણ, લગ્ન અને ગૃહનિર્માણ હેતુથી એક લાખ રૂપિયા સુધીના એડવાન્સના ઓટો સેટલમેન્ટ પ્રક્રિયાને અમલમાં મૂકી છે.. કેન્દ્રીય શ્રમ સચિવ સુમિતા દાવરાના અધ્યક્ષપદે EPFO માં સુધારા અંગેની સમીક્ષા બેઠકમાં આ માહિતી આપવામાં આવી હતી..

- (RNU અમદાવાદ)

---

## હવામાન:

હવામાન વિભાગે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી 3 દિવસ દરમ્યાન, હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના દર્શાવી છે.

જીલ્લામાં પ્રખર ગરમીના માહોલ વચ્ચે, પૂર્વ કચ્છના રાપર શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઝરમરથી ઝાપટાં સ્વરૂપે વરસાદ થતાં ધરતીપુત્રો અને લોકોમાં ખુશીની લાગણી છવાઈ હતી.

- (આશુતોષ અંતાણી)

---

## ક્રિકેટ-આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ:

આઈસીસી પુરુષ ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ સ્પર્ધામાં ગઈકાલે ઇંગ્લેન્ડે ઓમાન ને પરાજીત કર્યું હતું. તો, અફ્ગાનીસ્તાને પાપુઆ ન્યુગીની ને પરાજીત કરી સુપર ૮ માં પ્રવેશ કર્યો હતો. જયારે, આજે ભારત અને કેનેડા વચ્ચે મેચ રમાશે. જોકે આ મેચમાં વરસાદના વિઘ્નની શક્યતા દર્શાવવામાં આવી છે..

- (આશુતોષ અંતાણી)

---